RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 257, Dt.19-12-2023 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# વિપક્ષના વધુ ૪૯ સાંસદોને સસ્પેન્ડ કરાતા ભારે હોબાળો



## સંસદમાં ધમાસાણ યથાવતઃ આજસુધી ૧૪૧ સાંસદને સત્ર સમાપ્તી સુધી બહાર કઢાયાઃ ગાંધી પ્રતિમા નીચે વિપક્ષના સભ્યોએ કર્યા ધરણાઃ સંસદના બંને ગૃહો પણ મુલત્વી રહ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સંસદની સુરક્ષામાં થયેલી ઘુસણખોરી અને લોકસભામાં સ્મોક સ્ટીકના હુમલાના પગલે સર્જાયેલી રાજકીય અફડાતફડીમાં સરકાર અને વિપક્ષ વચ્ચેની ટકકર યથાવત રહી છે અને આજે લોકસભા અને રાજયસભામાં પણ ફરી એક વખત ધમાલ સર્જાતા વિપક્ષના વધુ ૪૯ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને આ સાથે છેલ્લા બે દિવસમાં સસ્પેન્ડ થયેલા સાંસદોની સંખ્યા ૧૪૧ થઇ છે.

આ અગાઉ આજે વિપક્ષોએ સંસદ ભવન બહાર પણ ધરણા કર્યા હતા. સસ્પેન્ડેડ સાંસદોએ સંસદ ભવન સંકુલમાં રખાયેલી ગાંધી પ્રતિમા હેઠળ ધરણા અને સુત્રોચ્ચાર સાથે મોદીશાહી મુર્દાબાદના નારા લગાવ્યા હતા અને તેમાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી અને એનસીપીના નેતા શરદ પવાર પણ જોડાયા હતા.

લોકસભા અને રાજયસભા ફરી એક વખત આજે શરૂ થતા જ વિપક્ષના સાંસદોએ ફરી એક વખત ધમાલ શરૂ કરી હતી અને બંને ગૃહોમાં કામકાજ શકય ન બનતા મુલત્વી રખાય તે પૂર્વે સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ ૪૯ સાંસદોને સસ્પેન્ડ કરતા ખરડો રજૂ કર્યો હતો.

સંસદ પર સ્મોક સ્ટીકના હુમલાના પગલે છેલ્લા એક સપ્તાહથી લોકસભા અને ધારાસભામાં સર્જાયેલા સરકાર અને વિપક્ષ વચ્ચેના સંઘર્ષમાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ વખત મૌન તોડતા કહ્યું હતું કે કેટલાક રાજકીય પક્ષો સંસદની સુરક્ષામાં જે ઘુસણખોરી થઈ તેને સમર્થન આપી રહ્યા છે અને આ એક અત્યંત ખતરનાક બાબત છે.આજે ભાજપના સંસદીય પક્ષની બેઠકને સંબોધન કરતા તેમણે વિપક્ષને આડે હાથે લીધા હતા અને કહ્યું કે જે લોકો લોકતંત્ર પર ભરોસો કરે છે તેણે આ પ્રકારની સુરક્ષા સામેના ખતરાની સામુહિક રીતે ટીકા કરવી જોઈએ તેના બદલે કેટલાક રાજકીય પક્ષો તેને સમર્થન આપી રહ્યા છે. સંસદમાં સર્જાયેલી મડાગાંઠમાં અત્યાર સુધીમાં વિપક્ષના ૯૨ જેટલા સાંસદો સસ્પેન્ડ થયા છે અને આજે પણ ફરી એક વખત ધમાલ યથાવત રહી હતી.

# કોરોનાના વધુને વધુ કેસ સામે આવતાં સરકાર દોડતી થઈ

## કેરળમાં ગઈકાલે ૧૧૫ કેસ નોંધાયાઃ કેન્દ્ર સરકારે જાહેર કરી એડવાઈઝરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં ફરી વખત કોરોનાના કેસો વધવા લાગ્યા છે ત્યારે કેન્દ્ર સરકારે તમામ રાજયો માટે એડવાઈઝરી જાહેર કરીને ટેસ્ટીંગ વધારવા તથા આરોગ્ય વ્યવસ્થા તૈયાર રાખવાની સૂચના આપી છે. કેરળમાં સોમવારે વધુ ૧૧૫ કોવિડ કેસ નોંધાયા છે. જયારે દેશમાં નવા ૧૪૨ કેસ સાથે એકટીવ કેસોની સંખ્યા વધીને ૧૯૭૦ પર પહોંચી છે. માત્ર કેરળમાં જ ૧૭૪૯ એકટીવ કેસો છે અર્થાત દેશના કુલ એકટીવ કેસોમાંથી ૮૮.૭૮ ટકા માત્ર કેરળમાં છે. કેરળમાં કોરોનાના નવા વેરીએન્ટ જે.એન.૧નો કેસ નોંધાયા બાદ સાવચેતીના પગલા લેવામાં આવ્યા જ હતા




ત્યારે નવા કેસોની સંખ્યા પણ વધવા લાગતા કેન્દ્ર સરકાર પણ એલર્ટ બની છે અને તમામ સભ્યો માટે એડવાઈઝરી જારી કરી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયની એડવાઈઝરી રાજયોને કોવિડ સામે મોનીટરીંગ વધારવા તથા ભીડભાડવાળા ક્ષેત્રો મારફત વધુ ન પ્રસરે તે માટે તકેદારી રાખવા સૂચવવામાં આવ્યું છે. એન્ટીજન તથા આરટીપીસીઆરનું ટેસ્ટીંગ વધારવા પણ તાકીદ કરવામાં આવી છે એટલું જ નહીં પોઝીટીવ કેસો જીનોમ સિકવન્સીંગ માટે મોકલવા પણ કહેવામાં આવ્યું છે. કોરોનાના મૃત્યુ વિશે પણ કેન્દ્ર સરકારને જાણ કરવા સૂચના આપવામાં આવી છે. કોરોનાના વધતા કેસો વચ્ચે કેન્દ્ર સરકાર એલર્ટ થઈ હોય તેમ કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવીયા દ્વારા આવતીકાલે રાજયોના આરોગ્યપ્રધાનો સાથે બેઠક રાખવામાં આવી છે. કેન્દ્ર સરકારના રિપોર્ટ પ્રમાણે કેરળમાં છેલ્લા એક સપ્તાહમાં કોરોના કેસો પણ વધ્યા છે. કોવિડના વધતા કેસ તથા શ્વાસના દર્દીઓની વધતી સંખ્યાને ધ્યાને રાખીને આરોગ્યમંત્રી દ્વારા સમીક્ષા બેઠક યોજાઈ હતી.

# દસ્તાવેજ નોંધણીના નિયમોમાં ફેરફારઃ બે સાક્ષીઓને હાજર રાખવાની જરૂર નહીં રહે

## કન્સેન્ટ બેઈઝડ આધાર ઓથેન્ટીફીકેશન સર્વિસ અમલી બનાવાશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દસ્તાવેજની નોંધણી માટે મહેસુલ વિભાગની સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજની પ્રક્રિયામાં બે સાક્ષીઓને હાજર રાખવામાં આવે છે તેની હવે આગામી સમયમાં જરૂર પડશે નહિં.

મહેસુલ વિભાગ દ્વારા ગુજરાત રજીસ્ટ્રેશન રૂલ્સ (૨૦૨૩) નું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં આધાર નંબર આધારીત સંમતિ સાથેની ઓળખની અત્યાધુનિક પદ્ધતિ પ્રસ્થાપિત કરાઈ છે તેનો ટુંક સમયમાં રાજયભરમાં અમલ શરૂ થતાં નાગરિકોને વધુ સુવિધા ઉપલબ્ધ થશે.

મહેસુલ વિભાગ દ્વારા ગુજરાત રજીસ્ટ્રેશન-આઈડેન્ટીટી વેરિફીકેશન ફોર ધ રજીસ્ટ્રેશન ડોકયુમેન્ટસ ૨૦૨૩ નું જાહેરનામું ૧૮ ડીસેમ્બરે જારી કરાયું છે. જેમાં કન્સેન્ટ બેઝડ આધાર ઓથેન્ટીફીકેશન સર્વીસ અમલી બનાવવાની જાહેરાત કરાઈ છે.



હાલ દસ્તાવેજની નોંધણી અંગે દસ્તાવેજ કરી આપનારા સબ રજીસ્ટ્રાર સમક્ષ દસ્તાવેજ કરી આપ્યાની કબુલાત આપવા ઉપસ્થિત થાય છે ત્યારે તેની ઓળખની ખાતરી માટે કચેરીમાં બે સાક્ષીઓને હાજર રાખવામાં આવે છે. સબ રજીસ્ટ્રાર આ સાક્ષીઓની તપાસ કરીને દસ્તાવેજ કરી આપનારાની ઓળખ પ્રસ્થાપિત કરે છે.

નવી સીસ્ટમનો પૂર્ણ સ્વરૂપ અમલ થતા સબ રજીસ્ટ્રાર કચેરીમાં સાક્ષીઓને લાવવાની જરૂર પડશે નહિં.તેથી કચેરીમાં ભીડ ઉપર નિયંત્રણ આવશે. તે ઉપરાંત ખોટી રીતે અન્યનું નામ ધારણ કરીને થતા દસ્તાવેજનું પ્રમાણ અટકશે.દસ્તાવેજને લઈને કરાતી છેતરપીંડીના બનાવોના પ્રમાણમાં પણ ઘટાડો થશે.તે સાથે મહેસુલ વિભાગમાં દસ્તાવેજ રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પણ ઝડપી બનશે. આ અંગેની ટેકનીકલ કામગીરી પૂર્ણ કરીને સમગ્ર રાજયમાં આગામી સમયમાં મહેસુલી વિભાગ દ્વારા અમલ કરવામાં આવશે.

# પુલવામા અને ઉરી હુમલાના માસ્ટરમાઈન્ડની પાકિસ્તાનમાં ગોળી મારી હત્યા, અત્યાર સુધી ૨૩ આતંકીના મોત

## ઠાર થયેલો આતંકી ભોલા ખાન કાશ્મીરમાં આતંક ફેલાવવા ખૈબર પખ્તૂનવા ગયો હતોઃ અજાણ્યા બંદૂકધારીઓએ અત્યાર સુધીમાં ૨૩ આતંકવાદીને મોતને ઘાટ ઉતાર્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પાકિસ્તાનમાં આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારવાનો સિલસિલો યથાવત્ છે. અહીં વધુ એક આતંકવાદીને અજાણ્યા બંદૂકધારીઓએ મોતને ઘાટ ઉતાર્યો છે. પુલવામાં અને ઉરી હુમલાના માસ્ટરમાઈન્ડની પાકિસ્તાનમાં હત્યા કરી દેવામાં આવી છે. લશ્કર-એ-તોઈબાનો વડો હાફિઝ સઈદનો નજીકનો સંબંધી ભોલા ખાનને અજાણ્યા બંદૂકધારીઓએ મોતને ઘાટ ઉતાર્યો છે. મૃતક આતંકવાદી હબીબુલ્લાહ ઉર્ફે ભોલા ખાન ઉર્ફે બાબા ખાન કાશ્મીરમાં આતંક ફેલાવવા માટે ખૈબર પખ્તૂનબામાં મોટાપાયે ભરતી કરી રહ્યો હતો. અહીંની પોલીસે ભોલા ખાનના મોતની પુષ્ટિ કરી છે.



મૃતક આતંકવાદી પાકિસ્તાનના પૂર્વ સાંસદ દાબર ખાન કુંડીને પિતરાઈ ભાઈ હતો. ભોલા ખાનની હત્યા બાદ પાકિસ્તાનમાં અત્યાર સુધીમાં ૨૩ આતંકવાદીઓને અજાણ્યા બંદૂકધારીઓએ મોતને ઘાત ઉતાર્યા છે. બાબા ખાનની હત્યા અગાઉ ૬ ડિસેમ્બરે પુલવામા અને મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ હંજા અદનાની પણ ગોળીમારી હત્યા કરવામાં આવી હતી. અદનાન હાફિઝ સહિદનો ડાબો હાથ હતો.

આ પહેલા પઠાણકોટ હુમલાના માસ્ટરમાઈન્ડ શાહિદ લતીફની પણ અજાણ્યા બંદૂકધારીઓએ ગોળીમારી હત્યા કરી હતી હતી. આમ પાકિસ્તાનમાં અત્યાર સુધીમાં ૨૩ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારાય છે. કેન્દ્રીય ગુપ્તચર એજન્સી સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું કે, મૃતક આતંકવાદી બાબા ખાન ઉરી હુમલાની યોજના ઘડવા અને તેને અંજામ આપવાની આતંકી પ્રવૃત્તિમાં સામેલ હતો. પુલવામા હુમલામાં પણ હાફિઝ સઈદ સહિત બાબા ખાનનો હાથ હતો.


# ઉત્તરાયણમાં ચાઈનીસ દોરા વેચનારા અને ખરીદનારાની ખેર નથીઃ ગૃહમંત્રીએ કરી લાલ આંખ

## નિયમનો ભંગ કરનાર સામે કરાશે કડક કાર્યવાહીઃ પક્ષી સહિત માનવ માટે ચાઈનીસ દોરી હાનિકારકઃ હર્ષ સંઘવી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

આગામી જાન્યુઆરી મહિનામાં ઉતરાયણનો તહેવાર આવી રહ્યો છે અને પતંગ રસીયાઓએ અત્યારથી તૈયારી શરૂ કરી દીધી છે. ત્યારે સરકાર ચાઈનીઝ દોરી-માંજો વેચનાર-ખરીદનાર પર સખત બનશે જેનો સંકેત રાજયનાં ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આપ્યો છે. દિવાળીના તહેવારો પુરા થતાં જ માર્કેટમાં પતંગની અવનવી વેરાયટી અને માંજાની જુદી જુદી જાતોનાં દોરાની ફિરકીઓ વેચાણ માટે ખડકાઈ છે.

વિતેલા વર્ષોમાં ઉતરાયણનાં આ તહેવારમાં ઘુસી ગયેલા ચાઈનીઝ દોરીનું દુષણ યેનકેન પ્રકારે જોવા મળે છે.આથી ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ આજે રાજયમાં ચાઈનીઝ દોરી અંગે સરકારનાં સખત પ્રતિબંધનો પુનરોચ્ચાર કરી ચેતવણી આપતા જણાવ્યું છે કે, આવી ગેરકાયદે દોરી વેચનાર અને ખરીદનારા સાવધ રહે.





સંઘવીએ વધુમાં ઉમેર્યું હતું કે ઉતરાયણ તહેવારની ઉજવણી માટે તમામ નાગરીકોમાં એક અનેરો ઉત્સાહ હોય છે એની તૈયારીઓ મહિનાથી કરતા હોય છે. પરંતુ આ તહેવારમાં લોકોના જીવ લઈ શકે તેવી પ્રતિબંધીત ચાઈનીઝ દોરીના ઉપયોગથી નાગરીકો દુર રહે છે એ પણ સૌને અપીલ છે. તેમણે કોઈપણ નાગરીક ચાઈનીઝ દોરીનાં વેચાણ, સંગ્રહ કે ખરીદ જેવી કોઈ વિગતો ધ્યાને આવે તો ગૃહ વિભાગનાં ધ્યાને મુકવા અપીલ કરેલ છે. ઉતરાયણ પર્વ ભલે જાન્યુઆરી મહિનામાં આવે પરંતુ પતંગ રસીયાઓ એની મહિના પહેલાથી જ ઉજવવાની શરૂઆત કરતા હોય છે.

યુવા, બાળકો પણ દિવાળી પછી પતંગ ચગાવવાની મજા લેતા હોય છે. એમાં કેટલાંક લોકો ચાઈનીઝ દોરીથી પતંગ ચગાવતા હોય છે. અને આ દોરી એટલી સખ્ત હોય છે કે તેનો ઘસરકો પણ માનવીના શરીર પરથી લોહી કાઢવા માટે સક્ષમ હોય છે. આવા દોરાથી ગયા મહિને એક વ્યકિતનું મૃત્યુ થયુ છે અને રાજયનાં જુદા જુદા વિસ્તારોમાં ઈજાગ્રસ્ત થવાની ઘટનાઓ નોંધાઈ છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજયના જુદા જુદા જીલ્લા કલેકટરો અને શહેરી સતાધિશોએ ચાઈનીઝ દોરીનાં વેચાણ, સંગ્રહ અને સપ્લાય કરનારાઓ સામે પગલા લેવા સંદર્ભે કાર્યવાહી શરૂ કરી છે.

# નાના દુકાનદારો માટે આનંદના સમાચારઃ હવે નહીં ભરવું પડે રિટર્ન

## નાણાં મંત્રાલયે નાના વેપારીઓને GSTR-9 ફોર્મ ભરવામાંથી આપી મુક્તીઃ રૂ.૨ કરોડ સુધીનો કારોબાર કરનારાઓએ ફોર્મ ભરવાની જરૂર નહીં રહે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે નાના દુકાનદારોને મોટી રાહત આપી છે. નાણા મંત્રાલયે GST Return ભરનારા નાના વેપારીઓઓને જીએસટીઆર-૯ ફાઈલ કરવામાંથી મુક્તી આપી છે. ૨ કરોડ રૂપિયા સુધીનો કારોબાર કરનાર નાના વેપારીઓએ આ ફોર્મ ફાઈલ કરવું પડે છે, જેમાં તેમણે વાર્ષિક રિટર્ન ફાઈલ કરવું પડતું હતું.. હવે નાના વેપારીઓને આ ફોર્મ ભરવામાંથી મુક્તિ મળી ગઈ છે.

નાણા મંત્રાલયે પોતાના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર ટ્વિટ કરીને આ જાણકારી આપી છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર જીએસટી રિટર્ન ફાઈલ કરનારાઓની સંખ્યામાં ૫ વર્ષમાં ૬૫ ટકા વધી ગઈ છે. એપ્રિલ-૨૦૨૩ સુધીમાં જીએસટી




રિટર્ન ફાઈલ કરનારાઓની સંખ્યા ૧.૧૩ કરોડે પહોંચી છે. જીએસટી હેઠળ રજીસ્ટર્ડ થયેલા કરદાતાઓની સંખ્યા હવે ૧.૪૦ કરોડ પર પહોંચી ગઈ છે, જે એપ્રિલ ૨૦૧૮માં ૧.૦૬ કરોડ હતા.

નાણા મંત્રાલયે જણાવ્યું કે, જીએસટી નિયમો અને પ્રક્રિયા બનાવવાના કારણે લોકોમાં રિટર્ન ફાઈલ કરવાનો ઉત્સાહ વધ્યો છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં ફાઈલિંગ મહિનાના અંત સુધીમાં ૯૦ ટકા પાત્ર કરદાતાઓ જીએસટીઆર-૩બી રિટર્ન ભરી રહ્યા છે. જીએસટી લાગુ કરાયા પહેલા વર્ષ ૨૦૧૭-૧૮માં આ આંકડો ૬૮ ટકા હતો. તાજેતરમાં જ નાણામંત્રી નિર્મલા સિતારામને લોકસભામાં ડેટા જાહેર કરવાની સાથે ખુશી વ્યક્ત કરી હતી.

એક જુલાઈ ૨૦૧૭માં જીએસટીનો અમલ શરૂ કરાયો હતો. આમાં એક્સાઇઝ ડ્યુટી, સર્વિસ ટેક્સ, વેટ જેવા એક ડઝનથી વધુ સ્થાનિક કરનો સમાવેશ કરાયો હતો. જીએસટીઆર-૩બી ફાઈનલ કરનારા કરદાતાઓની સંખ્યા એપ્રિલ-૨૦૧૮માં ૭૨.૪૯ લાખથી વધીને એપ્રિલ-૨૦૨૩ સુધીમાં ૧.૧૩ કરોડ પર પહોંચી ગઈ છે. નવેમ્બર મહિનામાં જીએસટી કલેક્શન ૧.૬૮ લાખ કરોડ રૂપિયા નોંધાયું છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં જીએસટી કલેક્શન ૧.૬૦ લાખ કરોડને પાર ગયું હોય, તેવું છઠ્ઠી વાર બન્યું છે.

# માઉન્ટ આબુમાં તાપમાનનો પારો માઈનસમાં પહોંચ્યોઃ કાશ્મીર ઠંડુગાર, ફસાયેલાં પ્રવાસીઓનો બચાવઃહિમવર્ષાના કારણે માર્ગો જામ

**મુખ્ય સમાચાર, જમ્મુ**

ભારે હિમવર્ષાને કારણે સોમવારે (૧૮ ડિસેમ્બર) જમ્મુ-કાશ્મીરના ગુલમર્ગમાં પારો -૮ ડિગ્રીએ પહોંચી ગયો હતો. આજે પણ રવિવાર બાદ રાજસ્થાનના માઉન્ટ આબુમાં પારો -૧ ડિગ્રી છે. પહાડો પર બરફ પડવાને કારણે મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે.

સીઝનમાં પ્રથમ વખત ઉત્તરપ્રદેશમાં પારો ૩.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો હતો. મધ્યપ્રદેશના પચમઢીમાં સૌથી ઓછું તાપમાન ૬.૪ ડિગ્રી સેલ્સિયસ હતું.

ગુલમર્ગમાં રવિવારે ભારે હિમવર્ષા થઈ હતી, જેના કારણે માર્ગો જામ થઇ ગયા છે. પ્રવાસીઓ અને તેમનાં વાહનો બરફમાં ફસાઈ ગયાં હતાં. આ પછી પ્રશાસને ઘણા પ્રયત્નો પછી પ્રવાસીઓ અને તેમનાં વાહનોને બરફમાંથી બહાર કાઢ્યા હતા. હિમવર્ષાના કારણે મુશ્કેલીમાં મુકાયેલા સ્થાનિક લોકોને બચાવ્યા હતા.





ગુલમર્ગ ડેવલપમેન્ટ ઓથોરિટીના સીઈઓ વસીમ રાજાએ કહ્યું હતું કે હવામાન વિભાગે ભારે હિમવર્ષા અંગે કોઈ માહિતી આપી નથી. ઘણા પ્રવાસીઓ ગુલમર્ગ આવ્યા છે. અનેક પ્રવાસીઓને બચાવી લેવાયા છે. બરફમાં ફસાયેલાં વાહનોને પણ બહાર કાઢવામાં આવ્યાં છે.

શનિવારે ૧૬ ડિસેમ્બરે ગુલમર્ગમાં ફસાયેલા ૬૧ પ્રવાસીને બચાવી લેવામાં આવ્યા હતા, જેમાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. આ બચાવકાર્ય ચિનાર વોરિયર્સ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રવાસીઓને ભોજન, ગરમ કપડાં અને રૂમ હીટર આપવામાં આવ્યાં હતાં. ઉપરાંત રામહોલ અને તરતપોરામાં પણ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુલમર્ગમાં રવિવારે તાપમાનનો પારો માઈનસ ૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો હતો. અનંતનાગમાં તાપમાન - ૫.૮ ડિગ્રી સેલ્સિયસ હતું. શ્રીનગરમાં પારો ૦.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. કાઝીગુંડમાં લઘુતમ તાપમાન ૦.૮ ડિગ્રી સેલ્સિયસ, કોકરનાગમાં ૧.૧ ડિગ્રી સેલ્સિયસ અને કુપવાડામાં માઈનસ ૨.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

૧૮ ડિસેમ્બરની સવારે દિલ્હીમાં લઘુતમ તાપમાનનો પારો ૭.૧ ડિગ્રી સેલ્સિયસ હતો. આ સરેરાશથી એક ડિગ્રી ઓછું છે. હવામાન વિભાગે રાજધાનીમાં મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સેલ્સિયસ રહેવાની આગાહી કરી છે. એ જ સમયે સોમવારે સવારે દિલ્હીનો અચઈ ૩૩૩ નોંધાયો હતો, જે ખૂબ જ નબળી શ્રેણીમાં આવે છે. એ જ સમયે રાત્રિના સમયે ઠંડી વધવાના કારણે લોકો તાપણું કરતા જોવા મળ્યા હતા.

# અયોધ્યા રામ મંદિરની મુખ્ય પાદુકા રાજકોટ પહોંચતાં આતશબાજી સાથે સ્વાગત કરાયું




(તસ્વીરઃ આનંદ જાવિયા)


**મુખ્ય સમાચાર, રાજકોટ**

અયોધ્યા રામ મંદિરની મુખ્ય પાદુકા આજે રાજકોટ પહોંચી હતી. આ પાદુકાને હૈદરાબાદના શ્રી ચલ્લા શ્રીનિવાસ શાસ્ત્રી દ્વારા તૈયાર કરવામાં આવી છે. પાદુકા બનાવવા માટે ૧ કિલો સોનુ અને ૮ કિલો ચાંદીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પાદુકામાં કિંમતી રત્નો પણ લગાવવામાં આવ્યા છે. આ પાદુકાને અયોધ્યા મંદિરની પ્રદક્ષિણા કર્યા બાદ દેશના અન્ય મંદિરોમાં દર્શન માટે લઈ જવામાં આવી રહી છે. રાજકોટથી સોમનાથ, દ્વારકા અને છેલ્લે ચિત્રકૂટથી પગપાળા ચાલી અયોધ્યા લઈ જવામાં આવશે. તેમજ ૬ ફૂટનું સોના-ચાંદીનું ધનુષ પણ બનાવ્યું છે જે અયોધ્યામાં ભગવાન રામના મંદિરમાં આપવામાં આવશે.

રાજકોટમાં ચરણ પાદુકા પહોંચી ત્યારે તેમનું ઢોલ-નગારા સાથે ફટાકડા ફોડી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પાદુકાના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા. જેમાં ભાજપના મહિલા ધારાસભ્ય ડો. દર્શિતા શાહ સહિતના નેતાઓ જોડાયા હતા.ગુજરાતના કો-ઓર્ડિનેટર પદમરાજ ભાઈએ જણાવ્યું હતું કે, અમે શ્રીનિવાસ શાસ્ત્રી રામેશ્વરમથી અયોધ્યા સુધીનો માર્ગ બનાવ્યો, જ્યાં રામજી વનવાસમાં ગયા હતા, ત્યારે અમે લોકો દરરોજ તેમને ટ્રેક કરી રહ્યા છીએ. આથી પાદુકા સાથે ત્યાં-ત્યાં પહોંચી રહ્યા છીએ. જ્યારે તેઓ ઈન્દોર પહોંચ્યા ત્યારે અમે તેમને વિનંતી કરી હતી કે, ગુજરાતમાં પધારો, પરંતુ રામજીના વનવાસ દરમિયાન ગુજરાતનો રસ્તો આવ્યો નહોતો. આથી અમે કહ્યું હતું કે, ગુજરાતના લોકોનો ઉધાર થઈ જાય અને અહીં પણ રામજીના ઘણા ભક્તો છે, તો શ્રીનિવાસજી પાદુકા લઈને અહીં આવ્યા હતા અને તેઓ દરેક જગ્યાએ જશે.

વધુમાં જણાવ્યું હતું કે, હવે તેઓ રાજકોટથી દ્વારકા અને સોમનાથ પણ જશે. તેમજ દરેક જગ્યાએ ધામધૂમથી રામજીના આર્શીવાદ મળી રહ્યા છે અને ધૂમધામથી ઉજવણી થઈ રહી છે. ઢોલ વગાડીને સ્વાગત કરવામાં આવી રહ્યું છે. મહિલાઓ માથા પર પાદુકા લઈને નાચી રહી છે અને દરેક જગ્યાએ ખુશીનો માહોલ છવાયો છે.

### ભાજપ લીગલ સેલ પ્રેરિત સમરસ પેનલના સમર્થનમાં આયોજીત

## ગુર્જર ક્ષત્રિય કડીયા જ્ઞાતિ વકીલ સંમેલનમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સમરસ પેનલ તરફી મતદાન કરવા માટે હાંકલ કરવામાં આવી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ બાર એશોશીએશનનીઆગામી ચુંટણીમાં ભાજપ લીગલ સેલ પ્રેરીત સમરસ પેનલનેગુર્જર ક્ષત્રિય કડીયા જ્ઞાતિના વકીલોખુબ જ મોટી સંખ્યામાં ઉપસ્થીત રહીસમર્થન પુરૂ પાડયું. સાથે સમાજના વકીલશ્રીઓ સમરસ પેનલનીતરફે બહોળું મતદાન કરી ભવ્યજીત અપાવશે તેવીખાત્રી પરી પાડી હતી.

આ ગુર્જર ક્ષત્રિય કડીયા જ્ઞાતિ વકીલ સંમેલનમાં સમાજના સીનીયર, જુનીયર, મહિલાવકીલશ્રીઓ ખુબ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયાહતા જેમાં મુખ્યત્વે સીનીયરવકીલશ્રીપરેશભાઈ મારૂ, જયંતભાઈ ગાંગાણી, જે. કે. ટાંક, જેન્તીલાલ ચૌહાણ, જયેશભાઈ ટાંક, સંધ્યાબેન ચૌહાણ, કૌશિકભાઈ ટાંક, હસમુખભાઈ ગોહેલ, તેજસભાઈ ગાંગાણી, સાગરભાઈ વાઘેલા, રવિભાઈ ટાંક, જે. પી. મારૂ, વૃજલાલ સોલંકી, પ્રકાશભાઈ પરમાર, મનુભાઈ ટાંક, પિયુષભાઈ ટાંક, કિશોરભાઈ કાંચા, મહેન્દ્રભાઈ મારૂ, જગદિશભાઈ ચોટલીયા, જગદીશભાઈ રાઠોડ, કલ્પનાબેન ખોલીયા, દિલીપભાઈ ચાવડા, દિલીપભાઈ ધાનાણી, ભરતભાઈ રાઠોડ, શુભમ કાચા, હિતેષભાઈ રાઠોડ, જયદિપ રાઠોડ, કાંતિલાલ રાઘવાણી, ધર્મેન્દ્રભાઈ ટાંક, બિપીનભાઈ ટાંક, રાકેશભાઈ ગાંગાણી, પાર્થભાઈ ટાંક, હાર્દિકભાઈ જાવીયા, પ્રફુલાબેન ટાંક, નેહાબેન ગાંગાણી, રવિભાઈ ભરડવા, દિપકભાઈ કાચા, ઉદય ચોટલીયા, જયેશભાઈ યાદવ, દક્ષાબેન ટાંકવિગેરેએ આ તકે ઉપસ્થિત રહયાહતા સાથે તા.૨૨/૧૨/૨૦૨૩ ના રોજ સમરસ પેનલનાતમામ ઉમેદવારોને જંગી મતદાન કરી વિજયીબનાવવા માટે તમામને હાંકલ કરી હતી અને જણાવ્યું હતું કે, સમરસ પેનલ સમાજનાતમામ જ્ઞાતિ, વર્ગોને સાથે રાખીને ચાલે છે ત્યારે સમરસ પેનલનાતમામએ તમામ ઉમેદવારોની જીતનિશ્ચિત છે.

## ગૌરવની ક્ષણઃ રામ મંદિર માટેનો ધ્વજા સ્તંભ રાજકોટમાં બન્યો



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આગામી તા.૨૨ જાન્યુઆરીએ અયોધ્યાના મંદિરમાં ભગવાન રામલલ્લાની મૂર્તિની પ્રતિષ્ઠા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હસ્તે થવાની છે. સમગ્ર દેશમાં ઉત્સાહનો માહોલ છે ત્યારે રાજકોટવાસીઓ માટે ગૌરવની ક્ષણ છે. રામ મંદિર માટેનો જે ધ્વજા સ્થંભ છે તે રાજકોટના ઔદ્યોગિક એકમ દ્વારા બનાવાયો છે. શાપર (વેરાવળ) ખાતે આવેલ ઔદ્યોગિક એકમ રેન્ક વન એલોઈસ દ્વારા કાસ્ટીંગના ધ્વજા સ્થંભનું નિર્માણ કરાયું છે.

## શિયાળો જામતા લોકો તાપણાના સહારે

**ડિસેમ્બરના મધ્યભાગમાં શિયાળો જામી રહ્યો છે. ગઈકાલથી તાપમાનનો પારો ગગડતા ઠંડીનું પ્રમાણ રાજકોટ શહેર તેમજ સૌરાષ્ટ્રમાં વધ્યુ છે. સવારે તેમજ રાત્રિના સમયે ઠંડી વધુ લાગી રહી હોય લોકો સમુહમાં તાપણાનો સહારો લઈ ઠંડીનો ઉડાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે.**



(તસ્વીરઃ આનંદ જાવિયા)

### રાજકોટ જિલ્લા કલેકટરની સંવેદના...

## રાજકોટમાં રહેતા જરૂરિયાતમંદ ૩૫ બાળકો અને તેના પરિવારોને ફોલ્ડીંગ પલંગ અને ધાબળાનું વિતરણઃ રાશન, આધાર, આયુષ્યમાન, શ્રમિક કાર્ડ બનાવાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરની શેરીઓમાં રહેતા તેમજ સમાજ સુરક્ષા વિભાગના જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા માન્ય કરાયેલા જરૂરિયાતમંદ બાળકો તેમજ તેમના પરિવારને રોજગારલક્ષી સાધનોરૂપી સહાય વિતરણ કાર્યક્રમ જામનગર રોડ સ્થિત ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ ખાતે યોજાયો હતો. જેમાં રાજકોટના જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોષીએ શેરીમાં રહેતા ૩૫ બાળકો ને ૩૫ ફોલ્ડીંગ પલંગ તથા ધાબળા અર્પણ કર્યા હતા. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ બાળકોના ૧૭ પરિવારોને રોજગારી માટે સાયકલ રિક્ષાઓનું વિતરણ કરી કલેકટરશ્રી પ્રભવ જોષીએ જરૂરિયાતમંદ પરિવારો પ્રત્યે સંવેદના દાખવી હતી.



કલેક્ટરશ્રીએ બાળકો તથા તેઓના પરિવારજનો સાથે સંવેદનાસભર વાર્તાલાપ કર્યો હતો. બાળકોને અભ્યાસ પુનઃશરૂ કરવા, ફરજિયાત નિશાળે જવા, રસીકરણ કરાવવા તથા બાળ મજૂરી છોડી દેવા બાળકોના માતા-પિતાને જણાવ્યુ હતું. શેરીઓમાં રહેતા આ જરૂરિયાતમંદ પરિવારજનોને કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા સમાજ સુરક્ષા ખાતા દ્વારા ઈ-શ્રમ કાર્ડ, આધારકાર્ડ, ઙખઉંઅઢ કાર્ડ, રેશનકાર્ડ જેવા લાભો પણ આપવામાં આવ્યા હતા. આ માનવીય સંવેદનાસભર કાર્ય બદલ કલેકટરશ્રીએ પ્રાંત અધિકારીશ્રીઓ તેમજ સમાજ સુરક્ષા અને બાળ સુરક્ષાની ટીમને બિરદાવી હતી.

આ તકે ૨૩ બાળ મજૂરોને ગૃહમાંથી મુકત કરી પરિવાર સાથે પુનઃસ્થાપિત કરાયા હતા. બાળકો મળતાં માતા- પિતા આનંદિત થઇ ઉઠયા હતા. આ માતા - પિતાઓને પણ બાળકોને બાળમજૂરી બંધ કરાવીને શાળાએ નિયામિત મોકલવા કલેક્ટરશ્રીએ અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેનશ્રી રક્ષાબેન બોળિયા અને સભ્ય અરુણ નિર્મલ, ડો. રશ્મિકાન્ત ઉપાધ્યાય, મનીષ ખંભાળિયા, એસ.ડી.એમ. પ્રાંત રૂરલશ્રી દેવાહુતિ, એસ.ડી.એમ. પ્રાંત રાજકોટ-૨ શ્રી નિશા ચૌધરી, પ્રાંત અધિકારી કે.જી.ચૌધરી, સમાજ સુરક્ષા અધિકારી પ્રાથના સેરશિયા, બાળ સુરક્ષા અધિકારીશ્રી અલ્પેશ ગોસ્વામી, મેહુલગિરી ગોસ્વામી, મામલતદારશ્રી જૈમિન કાકડીયા અને એસ જી ચાવડા, સમાજ સુરક્ષા વિભાગના અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મોરબી મહારાણા સર્કલ નજીક પાણીની લાઈન તૂટતાં પાણીનું તળાવ ભરાયું

### નટરાજ ફાટક પાસેના ઓવરબ્રિજ રોડનું કામ ચાલતું હોય ત્યારે પાણીની લાઇન તૂટી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લાલબાગ નજીક મહારાણા પ્રતાપ સર્કલ પાસે વહેલી સવારે પાણીની લાઈન તૂટતાં પાણીની લાઈનમાંથી પાણીના ફુવારા ઉડયા હતા અને પાણીનો વેડફાટ થયો હતો.



મળતી વિગત અનુસાર, મોરબીના સામાંકાંઠે મહારાણા પ્રતાપ સર્કલ પાસે લાલબાગ નજીક ઓવરબ્રિજ માટે બની રહેલા સર્વિસ રોડનું કામ ચાલુ હોય એ દરમિયાન પાણીની લાઇન તૂટવાથી પાણીના ફુવારા ઉડયા હતા અને પાણીનું બેફામ વેડફાટ થયો હતો અને આસપાસમાં પાણીનું તળાવ ભરાઈ ગયું હતું.

આ સંજોગોમાં તંત્ર વહેલીતકે પાણીની લીકેજ લાઈનનું યોગ્ય રીપેરીંગ કરીને વધુ પાણીનો થતો વેડફાટ અટકાવે તેવી માંગ ઉઠી છે.અહીંયા પાણીની લાઈનમાંથી હજારો લીટર પાણી વહી રહ્યું છે. જેથી સ્થાનિકોમાં રોષ વ્યાપી ગયો છે.

## મોરબી જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન પ્રવિણ સોનગ્રાના પ્રયત્નોથી બાળકોને મળ્યો પાલક માતા-પિતા યોજનાનો લાભ

### જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બે બાળકો માટે પાલક માતા-પિતા યોજના મંજુર કરતા ચેરમેને માન્યો આભાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના હળવદના ભવાની નગરના ઢોળા વિસ્તારમાં વસવાટ કરતા બે ગરીબ બાળકોને ચરડવા ગામના પૂર્વ સરપંચ,જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન અને વર્તમાન કારોબારી ચેરમેન પ્રવિણભાઈ સોનગ્રાનું ધ્યાન આ બાળકો તરફ ગયું એમને જિલ્લા સમાજ સુરક્ષા કચેરીનો સંપર્ક કર્યો,જરૂરી આધારો સાથે ત્રણેય બાળકો માટે પાલક માતા પિતા યોજના અંતર્ગત અરજી કરી, જિલ્લા સમાજ સુરક્ષા કચેરીના અધિકારીઓએ રૂબરૂ ઘર તપાસ, જરૂરી આધાર પુરાવાની ચકાસણી કરી અરજી આ પ્રમાણે શરત અને બોલીઓ સાથે સહાય મંજુર કરેલ બંને બાળકોને ફરજીયાત શાળાએ



મોકલવા,સહાયની રકમ બાળકોના હિતમાં વાપરવી, બાળકોનો ઉછેર યોગ્ય રીતે કરવો વગેરે શરતો અને બોલીઓ સાથે બાળાઓના સર્વાંગી વિકાસ અર્થે સ્પોન્સર એન્ડ ફોસ્ટર કેર એપૃવલ કમિટી-મોરબી દ્વારા બંને બાળકોને પાલક માતા પિતા યોજના હેઠળ માસિક રૂપિયા ૩૦૦૦/- ની સહાયના હુકમો જિલ્લા કલેક્ટર જી.ટી પંડ્યા અને જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન પ્રવીણભાઈ સોનાગ્રાના હસ્તે બે અનાથ બાળકો જિલ્લા બાળ સુરક્ષા એકમ અને સમાજ સુરક્ષા કચેરીની પાલક માતા પિતા યોજનાના મંજૂરી આદેશ પાલક દાદી કોળી મધુબેન મેરુભાઈને એનાયત કરાયા હતા.કલેક્ટરે બાળક તથા પાલકના ખબર અંતર પૂછ્યા હતા. અનાથ બાળકોની યોગ્ય સંભાળ લેવા તથા શિક્ષણ આપવા અનુરોધ કર્યો હતો.

હુકમ વિતરણ જિલ્લા કલેટર જી.ટી પંડ્યા, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન પ્રવીણભાઈ સોનગ્રા,જિલ્લા બાળ સુરક્ષા અધિકારી વિપુલભાઈ શેરશિયા, જિલ્લા બાળ સુરક્ષા એકમના સામાજિક કાર્યકર અશ્વિન સોનાગ્રા તથા હળવદના સામાજિક આગેવાન ભરતભાઈ ભરવાડ વગેરેની પ્રેરક ઉપસ્થિતમાં પાલક માતા-પિતા યોજનાના હુકમ અર્પણ કરાયા હતા.

## ઘર છોડીને નીકળી ગયેલ કિશોરીને સુંદર કાઉન્સેલિંગથી ઘરે પરત મોકલાઈ

### દ્વારકા જિલ્લાથી જામનગર આવી પહોંચેલ કિશોરીને અભયમ ટીમે પરિવારજનોને સોંપી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એક જાગૃત મહિલાએ ૧૮૧ પર કોલ કરીને જણાવેલ કે અહીંયા એક ૧૬ વર્ષની દીકરી બપોર ૧૨:૦૦ વાગ્યા થી બેઠી હોય છે અને તેઓ તેમનું નામ કે સરનામું જણાવતી નથી અને અમારી શેરીમાં આવીને બેસેલી હોય છે તેથી ૧૮૧ ની મદદની જરૂર છે.કોલ આવતા ની સાથે જ એક ૧૮૧ ટીમના કાઉન્સેલર રીના દિહોરા અર્જાઈતારાબેન ચૌહાણ તેમજ પાયલોટ મહાવીર સિંહ વાઢેર સ્થળ પર રવાના થયેલ સ્થળ પર પહોંચીને કિશોરી સાથે કાઉન્સેલિંગ કરેલ અને કાઉન્સિલિંગ કરતા જણાયું કે યુવતી પાસે એક સ્માર્ટફોન હોય છે તેમાં તેઓ બપોર થી વાતચીત કરતા હોય છે તે નંબર પર ફોન કરીને જાણેલ પરંતુ ફોન બંધ આવતો હોય છે.અને યુવતી દ્વારકા જિલ્લાના હોય છે અને તેઓ સવારના વહેલા પાંચ વાગ્યાથી ઘરેથી નીકળી ગયેલ હોય છે પરંતુ હવે તેમને ઘરે પરત જવું



નથી તેવું જણાવતા હોય છે તેમનું નામ સરનામું પિતાનું નામ વગેરે જાણવાની કોશિશ કરતા તેમના પિતા ત્યાં પહોંચી આવેલ હોય છે, તેમના પિતા સાથે કાઉન્સિલિંગ કરેલ અને તેઓએ જણાવેલ કે તેમની દિકરી છેલ્લા ત્રણ દિવસથી ઘરમાં કશું બોલતી ચાલતી ન હોય અને આજરોજ વહેલી સવારે પાંચ વાગ્યાની આસપાસ ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયેલ હોય છે અને તેમની પાસે એક સ્માર્ટફોન હોય છે તેમના પિતાએ જણાવેલ કે અમો બપોર થી દ્વારકા જિલ્લાના પોલીસ સ્ટેશનમાં ગુમની ફરિયાદ દાખલ કરેલ હોય છે તેઓએ કિશોરીના મોબાઇલનું લોકેશન પરથી તેમના પિતાને જણાવેલ કે કિશોરી જામનગર જિલ્લામાં છે તેથી તેમના પિતા જામનગરમાં આવી પહોંચેલ હોય છે અને હાલ કિશોરી ઘરે પરત ન જવા જણાવતી હોય તેથી કિશોરીના આવા નિર્ણયથી તેમના પિતા ખૂબ ગભરાઈ ગયા હોય અને દુઃખી હતા, ત્યારબાદ કિશોરી ને શાંતિથી બેસાડીને તેમનું કુશળ કાઉન્સેલિંગ કરેલ અને આખરે કિશોરી તેમના પિતા સાથે જવા માટે તૈયાર થયેલ અને કિશોરી ના પિતાએ ૧૮૧ ટીમનો આભાર વ્યક્ત કરેલ.

# મિત્રનો ચેન છોડાવવા ઉછીના લીધેલા રૂપિયા એક લાખ બાબતે યુવાન પર હુમલો

## કોઠારીયા રોડ પર જુનો કેસ પાછો ખેંચી લેવા યુવાનને શખ્સે ધોકાવ્યો: રૈયા ટેલીફોન એક્સચેન્જ પાછળ સોમનાથ સોસાયટીમાં જાહેરમાં બખેડો કરનાર ચાર સામે ગુનો નોંધાયો: કરણસિંહજી મેઈન રોડ પર વિદેશી દારૂની ૨૦ બોટલ સાથે બુટલેગરની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં અલગ અલગ ત્રણ સ્થળોએ મારામારીના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે જ્યારે કરણસિંહજી મેઇન રોડ પર પોલીસે વિદેશી દારૂની ૨૦ બોટલ સાથે બુટલેગરની ધરપકડ કરી અને પોલીસ ચોપડે નોંધાયું છે.

અંગેની માહિતી મુજબ મહુડી મેઇન રોડ પર નવલનગર શેરી નંબર એકમાં રહેતો આકાશ અનિલભાઈ ગેલાણી નામનો ખોજા યુવાન ગઈકાલે ઉમા કાન્ત પંડિત ઉદ્યોગ નગરમાં હતો ત્યારે અગાઉ તેના મિત્ર ડેનિશનો સોનાનો ચેન છોડાવવા એક શખ્સ પાસેથી એક લાખ રૂપિયા ઉછીના લીધા હતા ત્યારે તેનો ફોન સ્વીચ ઓફ થઈ જતા સામા વાળો કહેલ કે રૂપિયા ખાઈ જવા છે તેમ કહી નેફામાંથી છરી કાઢી વપરા છાપરી બે ઘા બેઠકના ભાગે ચીકી દેતા ગંભીર ઈજા થતાં યુવાનને સારવારમાં ખસેડવામાં આવ્યો હતો બનાવના પગલે માલવયા નગર પોલીસ મથકના પી.એસ.આઇ બીબી રાણાએ ગુનો નોધી તપાસ હાથ કરી છે.

જ્યારે અન્ય બનાવમાં કોઠારીયા રોડ પર ન્યુ સાગર સોસાયટીમાં રહેતો પૃથ્વી જેટસુરભાઈ આહિર યુવાન કોઠારીયા ચોકડી પાસે હતો ત્યારે જૂનો કેસ પાછો ખેંચી લેવા તિરૂપતિ સોસાયટીમાં રહેતો પ્રભાત કાનના ઝઘડો કરી માર મારતા યુવાને ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે જ્યારે રૈયા રોડ ટેલીફોન એક્સચેન્જ પાછળ સોમનાથ સોસાયટી માં જાહેરમાં બખેડો કરનાર મુકેશ જેવા માલવી મિત મુકેશ માલવી અજય હરશુખ તન્ના અને ચિંતન અજયતનના સામે યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી છે જ્યારે અન્ય બનાવમાં ક્રાઈમ બ્રાન્ચ હેડ કોન્સ્ટેબલ કિરણસિંહ ઝાલા સહિત ના સ્ટાફે કરણસિંહજી મેઇન રોડ પર આવેલ કરણપરામાંથી વિદેશી દારૂની ૨૦ બોટલ કિંમત રૂપિયા 30,000 સાથે જયદીપ ઉર્ફે ટેબો સુરેશ પરમાર નમન બુટલેગરને દબોચી લઈ ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# આજીડેમ ચોકડી પાસે સુંદરમ પાર્ક અને મેટોડામાં બેભાન થઈ જતા બે યુવાનના મોત

## જસદણના દહીસરા અને લખતરના બજરંગપુર ગામે બીમારી સબબ બેભાન થતાં બે પ્રૌઢના સારવારમાં મોત



**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ગતરાત્રિના કાળચક્ર ફરી રહ્યું હતું સારવારમાં બે યુવાન અને બે પ્રોત ના બેભાન હાલતમાં મોત નીપજીયા હતા.

અંગેની માહિતી મુજબ મેટોડા જીઆઇડીસી માં આવેલ મેટલ નામના કારખાનામાં કામ કરતો દિલીપકુમાર રામકિશોર કોરી નામનો યુવાન ગઈકાલે શેરીમાં બેભાન થઈ જતા સવારમાં રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવતા તેનું મોત થયું હોવાનું તબીબોય જાહેર કર્યું હતું જ્યારે અન્ય એક બનાવમાં ગોખડદર નદીના પુલ પાસે શિવધારા પાર્ક માં રહેતા દેવાયતભાઈ નાગદાન ભાઈ ત્રાગા નમન યુવાન ગોવિંદ નગરમાં બેભાન થઈ જતા સારવારમાં ખસેડવામાં આવતા તેનું મોત નીપજ્યું હતું જ્યારે આજીડેમ ચોકડી પાસે સુંદરમ પાર્કમાં રહેતા જગદીશભાઈ દાનાભાઈ બોસિયા નામનો યુવાન બીમારી બેભાન થઈ જતા સારવારમાં મોત થયું હતું જ્યારે જસદણના દહીસરા ગામે રહેતા જેરામભાઈ લખમણભાઇ બારૈયા નામના પ્લોટ કોઠારીયા ગામે સરકારી હોસ્પિટલ પાસે રહેતા ભત્રીજા ના ઘરે આવ્યા હોય તેઓ બે બાંધવ જતા મોત નીપજ્યું હતું જ્યારે લખતર ના બજરંગપુરા ગામના અમરસિંહભાઈ તળશીભાઇ ચૌહાણ નામના પ્લોટ બેભાન થઈ ગયા બાદ તેનું સારવારમાં મોત નીપજ્યું હતું

# ભારતનગરમાં શેર માટીની ખોટ પુરી ન થતાં પરિણીતાનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતનગર વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષીય પરિણીતાએ પેટમાં ગાંઠ હોવાથી સંતાન પ્રાપ્તિ ન થવાની ચિંતામાં ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં શ્રમિક પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

આ અંગેની માહિતી મુજબ ભારતનગરમાં આઈટીઆઈ પાછળ રહેતી મનીષાબેન સુરાજસિંગ પટેલ (ઉ.વ.૨૦) ગઈકાલે સાજના પોતાના ઘરે એકલી હતી.ત્યારે પંખાના હુકમાં ચુંદડી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. કામ પરથી પરત ઘરે ફરેલા તેના પતિએ જોતા પત્ની લટકતી હતી. પતિએ ૧૦૮ મારફતે તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા જ્યાં ફરજ પરના તબીબોએ તેણીને તપાસી મૃત જાહેર કરી હતી.

બનાવ અંગે થોરાળા પોલીસનો સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી બનાવ અંગેનું કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, મૃતક મૂળ બિહારના વતની છે અને તેના લગ્ન સુરાજસિંગ સાથે બે વર્ષ પહેલાં થયેલ હતાં.જે બાદ તેણીને પેટમાં ગાંઠ હોવાનું નિદાન થયું હતું. જેમના લીધે તેઓને સંતાન પ્રાપ્તિ થતી ન હોવાથી ચિંતામાં આ પગલું ભર્યા હોવાનું સામે આવ્યું છે.

# હનુમાનમઢી પાસે પાણી ઢોળમાં ગયેલા પ્રૌઢનું બેભાન થઈ જતાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીગ્રામ વિસ્તારમાં ગૌતમનગરમાં રહેતાં મનોજભાઈ જશવંતભાઈ વાગડીયા (ઉ.વ.૫૪) તેના હનુમાન મઢી પાસે રહેતાં કાકા ભીખુભાઈના ઘરે મરણના કામે પાણીઢોળ હોય, જેથી રાતના સમયે તેઓ ત્યાં જમવા માટે ગયાં હતાં. દરમિયાન રાતના નવ વાગ્યાની આસપાસ તેઓને છાતીમાં દુ:ખાવો ઉપડ્યા બાદ બેભાન થઈ ગયાં હતાં. જેથી તાત્કાલિક સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ફરજ પરના તબીબોએ તેઓને તપાસી મૃત જાહેર કર્યા હતાં. બનાવની જાણ થતાં પોલીસ સ્ટાફ હોસ્પિટલ પર દોડી ગયો હતો અને જાણવા મળ્યું હતું કે મૃતક રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમજ તેઓને સંતાનમાં બે પુત્ર-એક પુત્રી છે. બનાવથી પરિવારમાં શોકનું મોજુ ફળી વળ્યુ છે.



# તિલક પ્લોટમાં નવોઢાને આપઘાતની ફરજ પાડનાર સાસરિયા સામે ગુનો દાખલ

## ઘરકામ આવડતુ નથી, કરિયાવર ઓછો લાવ્યાના મેણાટોણા આપતા પરિણીતાએ ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું'તુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મોચી બજાર તિલક પ્લોટમાં રહેતા અને યાજ્ઞિક રોડ ઉપર પીડબલ્યુડીમાં લેબર તરીકે નોકરી કરતા મનુભાઈ નાથાભાઈ સોલંકી ઉ.૫૯એ દીકરી રીનાને મરવા મજબુર કરવા અંગે વિજયનગરમાં રહેતા દીકરીના પતિ પ્રદીપભાઈ કરશનભાઈ વાણીયા, સાસુ પ્રભાબેન, નણંદ ટીનુંબેન અને તૃપ્તિબેન સામે એ ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.



ફરિયાદમાં જણાવ્યું હતું કે દીકરી બીમાર પડતા માવતરે આવી હતી અને ૧૭ તારીખે ઘઉંમાં નાખવાનો પાવડર પી આપઘાત કરી લીધો હતો દીકરી કોમલે મને કહ્યું હતું કે એક ચિઠ્ઠી કબાટમાંથી મળી હતી અને દીકરી ઘરે આવતી ત્યારે અવારનવાર કહેતી કે સાસરીયા કરિયાવર બાબતે મેણા ટોણા મારતા હતા અને આણામાં કપડા અને દાગીના ઓછા લાવી છો કહી કપડા દાગીનાની માંગણી કરતા તેમજ રસોઈ બનાવતાઆવડતી નથી. તું ગાંડી છો કહી ત્રાસ આપતા હોવાથી આ હોવાનું જણાવતા પગલું ભર્યું પીએસઆઈ બી એચ પરમારએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વાણીયાવાડીમાં સરાજાહેર લુખ્ખાનો બે છાત્રા પર છરી વડે હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના લક્ષ્મીવાડીમાં રહેતા મોભીએ વાણીયાવાડીમાં રહેતા કિશન ગાંગલાણી સામે ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૧૬ તારીખે શાળાએ જતી મારી દીકરીએ મને કહ્યું હતું કે હું અને મારી બહેનપણી સ્કુલે જતા હોય છીએ ત્યારે ટ્યુશન પાસે લક્ષ્મીવાડી રોડ પર રહેતો કિશન પાછળ પાછળ આવે છે અમે ના પાડીએ છીએ તો પણ પીછો કરે છે જેથી તેની બહેનપણીના પિતાને વાત કરી કલાસીસમાં વાત કરવા જતા સંચાલકના ભાઈએ હું તેને ઓળખું છું સમજાવી દઈશ તેવી વાત કરી હતી તે પછી દીકરીના બહેનપણીના પિતા કિશનના ઘરે સમજાવવા ગયા હતા પરંતુ તે નહી મળતા તેનો નંબર લઇ ફોન કરતા તેણે શેઠ હાઈસ્કુલ પાસે મંદિર પાસે મળવા બોલાવતા હું, દીકરીની બહેનપણીના પિતા અને તેનો પિતરાઈ તેને સમજાવવા જતા કિશનએ છરીથી હુમલો કરતા પિતરાઈ અને મને ઈજા થતા તે ભાગી ગયો હતો ગુંદાવાડી હોસ્પીટલમાં સારવાર લીધા બાદ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ભાવનગર રોડ પર આરએમસીના કન્જરવંશી વિભાગ સામેથી બાળકીને ઉઠાવી લઈ દુષ્કર્મ આચરનારને આજીવન કેદની સજા

## ૨૦૧૯માં બાબરાથી પેટીયું રળવા આવેલ પરિવાર બગીચામાં સુતો હતો ત્યારે ઘટના બની હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ભાવનગર રોડ રાત્રે પરિવાર સાથે સુતેલી ૮ વર્ષની બાળકીને ઉઠાવી જઈ પાશવી બળાત્કાર ગુજારવાના કેસમાં સ્પેશ્યલ પોક્સો કોર્ટએ સાયન્ટીફીક પુરાવાઓ અને સરકારી વકીલની દલીલોને ધ્યાને લઈ આરોપીને આજીવન કેદની સજાનો હુકમ કર્યો છે.



આ કેસની વિગતો એવી છે કે બાબરા પંથકનું દંપતી પાંચ દીકરીઓ સાથે પેટીયું રળવા રાજકોટ આવ્યું હતું ૨૯ નવેમ્બર ૨૦૧૯ના રાત્રે બાધા ભાવનગર રોડ ઉપર બગીચામાં સુતા હતા દરમિયાન ત્યાંથી ૧૨ વાગ્યા પછી હરદેવ મશરૂભાઈ માંગરોળીયા ઉ.૨૫એ પોતાની નજર બગાડી હતી પાંચ દીકરી પૈકી સૌથી મોટી ૮ વર્ષની દીકરીને નિંદ્રાધીન અવસ્થામાં જ ગોદળા સાથે ઉઠાવી નાળા જેવી અવાવરૂ જગ્યાએ લઈ ગયો ત્યારે દીકરી ઉઠી જતા દેકારો કરતા તેણે છરી દેખાડી મારી નાખવાની ધમકી આપી પાશવી બળાત્કાર ગુજાર્યો હતો અને નાસી છૂટ્યો હતો બાળકીને ગુપ્ત ભાગમાં ગંભીર ઈજા થઈ હોય અને રક્તસ્ત્રાવ થતો હોવાથી રડતી રડતી માતા-પિતાને શોધતી નીકળી હતી બીજી તરફ પરિવાર પણ બાળકીની શોધમાં નીકળ્યો હતો અને ભેટો થઈ જતા દીકરીને

હોસ્પીટલે લઈ જતા તેણી સાથે દુષ્કર્મ થયાનું તબીબોએ જણાવતા થોરાળા પોલીસે માતાની ફરિયાદ પરથી તપાસ હાથ ધરી હતી. આખી રાત દરમિયાન શકમંદોની પુછતાછ કરી અંતે હરદેવ માંગરોળીયાની ધરપકડ કરી હતી તેણે બનાવ સમયે પહેરેલા કપડા જ પહેર્યા હોય જેમાંથી બાળકીના લોહીના ડાઘ તેમજ આરોપીના સ્પર્મના પુરાવા મળી આવતા સાંયોગીક પુરાવા આધારે સરકરી વકીલે કડકમાં કડક સજા કરવા દલીલો કરી હતી જેને ધ્યાને લઈ પોક્સો કોર્ટના એડીશનલ સેસન્સ જજ જે ડી સુથારએ આરોપીને આજીવન કેદની સજાનો હુકમ કર્યો છે.

# રાધાનગર સોસાયટીમાં વૃધ્ધાનો માનસિક બિમારીથી કંટાળી આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ઢેબર રોડ પર આવેલી રાધા નગર સોસાયટીમાં રહેતા મંજુબેન ચુનીભાઈ ગેટીયા નામના ૬૮ વર્ષીય વૃદ્ધાએ પોતાના ઘરે કેરોસીન છાટી આગ લગાવી આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે. બનાવની જાણ થતા જ ભક્તિનગર પોલીસ સ્ટેશન નો સ્ટાફ હોસ્પિટલ એ દોડી આવ્યો હતો અને પ્રાથમિક પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે મંજુબેન છેલ્લા સાત વર્ષથી માનસિક બીમારી થી પીડાતા હતા અને તેની દવા પણ ચાલુ હતી. તેમને પોતાની જાત જલાવી જીવન ટૂંકાવી લેતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે. આ મામલે ભક્તિનગર પોલીસના એએસઆઈ યાસ્મીનબેન દ્વારા જરૂરી કાગળો કરી આગળની કાર્યવાહી હાથધરી છે.

# અંકુરનગર મેઈન રોડ પર યુવાન પર છરી-ધોકા વડે હુમલો: વાહનોમાં તોડફોડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના અંકુરનગર મેઈન રોડ ઉપર ગુરુપ્રસાદ ચોક નજીક મોડી રાત્રે ટોળાએ આતંક મચાવ્યો હતો અને યુવક ઉપર છરી-ધોકાથી હુમલો કરી પાંચ જેટલા વાહનોમાં તોડફોડ કરતા પોલીસે દોડી જઈ તપાસ હાથ ધરી હતી.

આ અંગેની માહિતી મુજબ શહેરના મવડી રોડ ઉપર આવેલ નવલનગરમાં રહેતો રોનકભાઈ કાળુભાઈ લોખીલ ઉ.૧૮ નામનો યુંઅન ગત રાત્રે અગ્યાર વાગ્યાના સુમારે અંકુરનગર મેઈન રોડ ઉપર ગુરુપ્રસાદ કરી ચોક નજીક હતો ત્યારે ધીરુ, જીતું, વિજય, રાહુલ અને તેની સાથેના અજાણ્યા શખસોએ કોઈર કારણોસર ઝઘડો કરી, ગાળો ભાંડી



છરી અને ધોકાથી હિચકારો હુમલો કર્યો હતો ટોળાએ યુવક પર હુમલો કરી પાંચ જેટલા વાહનોમાં જાહેરમાં ધોકાવાળી કરી રીતસરનો આતંક મચાવ્યો હતો દેકારો થતા લોકો એકઠા થઈ જતા હુમલાખોર ટોળકી નાસી છૂટી હતી અને ઈજાગ્રસ્ત યુવક રોનક લોખીલને સારવાર અર્થે સિવિલ હોસ્પીટલે ખસેડાયો હતો બનાવની કંટ્રોલમાં જાણ કરવામાં આવતા માલવિયાનગર પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને ફરિયાદ નોંધવા તેમજ હુમલાખોરોને દબોચી લેવા તજવીજ હાથ ધરી હતી જાહેરમાં મારકૂટ વાહનોમાં તોડફોડ કરી આતંક મચાવતા લોકોમાં ફફ્તાટ વ્યાપી ગયો છે.

# શાપર વેરાવળના કારખાના શેડમાંથી ૪૩૬ બોટલ દારૂ સાથે રાજકોટના વેપારીની ધરપકડ

## ઉપલેટાના કોલકી ગામે જુગાર રમતા છ શખ્સોની ધરપકડ રૂપિયા ૪૫000 નો મુદ્દામાલ કબજે

**મુખ્ય સમાચાર રાજકોટ**

થર્ટી ફર્સ્ટ પૂર્વે પ્યાસીઓની પ્યાસ બુજાવવા માટે મગાવવામાં આવેલો વિદેશી દારૂનો જથ્થો શાપર વેરાવળ પોલીસે ઝડપી લઇ વેપારીની ધડ પકડ કરી ₹૨. ૧૦ લાખનો મુદ્દા માલ કબ્જે કરી ધોરણ સરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ શાપર વેરાવળ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એનએમ રોજાસરા તથા હેડ કોન્સ્ટેબલ નરેશભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ચોક્કસ હકીકત મળી હતી કે શાપર વેરાવળમાં આવેલ મસ્ત ફાટક રામેશ્વરી ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં ગીતાંજલિ મેટલ કારખાના પાસે ના એક શેડમાં વિદેશી દારૂનો જથ્થો ઉતાર્યો હોવાની હકીકતના આધારે પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા વિદેશી દારૂની ૪૩૬ બોટલ કિંમત ₹૨,૦૮,૭૪૫ નો જથ્થો મળી આવતા પોલીસે શેડના માલિક અને રાજકોટના કુવાડવા રોડ પર ગુરુદેવ પાર્કમાં રહેતો નરસિંહ વાલજી કાજીયા નામના પટેલ શખ્સની ધરપકડ કરી એક મોબાઈલ સહિત ₹૨.૧૦ લાખનો મુદ્દા માલ કબ્જે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જ્યારે અન્ય એક બનાવમાં ઉપલેટા પોલીસના હેડ કોન્સ્ટેબલ ડીજે રાણા સહિતના સ્ટાફે કોલકી ગામે ગદેધર માર્ગ પર ખારી તરીકે ઓળખાતી સીમમાં જાહેરમાં જુગાર રમતો અંકિત ઉર્ફે અંકો રમેશ કણસાગરા તથા અશ્વિન ઉર્ફે કાલી પરસોતમ પેશદળિયા તથા દિનેશ જેઠા ચણિયારા તથા નિલેશ જસમત ચેતાણી તથા શૈલેષ ઉર્ફે સેટ્ટી હતું પટેલ તથા મુકેશના નું ઉનડકર સહિતના છ શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂપિયા ૪૫,૫૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણ સર ની કાર્યવાહી યાદ કરવામાં આવી છે.

# શહેરમાં વધુ એક મહિલાને શખ્સે ફેશબુક અને ઈન્સ્ટાગ્રામમાં બદનામ કરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઓમ નગર પાસે આવેલા બિલ્ડીંગના ત્રીજા માટે રહેતી અને મૂળ મુંબઈ મહારાષ્ટ્રની વતની ૪૫ વર્ષીય મહિલા ના એક અજાણ્યા શકશે વિપુલ મકવાણા નામના આઈડી વાળાએ ફેશબુક અને ઈન્સ્ટાગ્રામમાં મહિલાના ફોટા મૂકી અને મહિલાને સતત વફતિંફા કોલ મેસેજ કરી ઉજવણી કરી મહિલાને બદનામ કરવાની ધમકી આપતા સાયબર ક્રાઇમ પોલીસમાં મહિલાએ ફરિયાદ નોંધાવી છે બનાવનાર પગલે પી.આઈ બીટી અકબરી એ આ સક્ષ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# મોરબીના નવલખી રોડ ઉપરથી વિદેશી દારૂની સાત બોટલ સાથે એક ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબીના નવલખી રોડ ઉપર સેન્ટમેરી ફાટક નજીકથી મોરબી બી ડિવિઝન પોલીસે આરોપી તરૂણભાઇ ઉર્ફે કિશન અરવીંદભાઇ આંકવીયા ઉવ.૨૫ રહે.વાવડી રોડ સુમતીનાથ સોસાયટી ગ્રીનલેન્ડ પાર્ક શેરી નં.૪ મકાન નં.૮ મોરબી મુળ રહે.હજનાળી તા.જી.મોરબીવાળાને પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂની રોયલ ચેલેન્જ ૭૫૦ એમએલની ૨ બોટલ તથા બ્લેન્ડેડ વ્હિસ્કી ૧૮૦ એમએલની ૫ બોટલ કુલ દારૂની ૭ બોટ સાથે ઝડપી લઇ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# વાવડી અને સહજાનંદ સોસાયટીમાં રમતા રમતા પડી જતાં બે બાળકોના મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં બે બાળકોના રમતાં રમતાં બીજા માળેથી અને અગાસી પરથી પડી જતાં મોત નિપજતા બંને શ્રમીક પરિવારમાં અરેરાટી સાથે શોક વ્યાપી ગયો છે. બંને બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મુળ બિહારના હાલ શહેરના ગોંડલ રોડ વાવડી પોલીસ ચોકી પાસે ૨૫ વારીયા કવાટરમાં રહેતાં મનોજ પાસવાનનો બે વર્ષનો પુત્ર બાદલ ગઈકાલે સાંજે બીજા માળે રમતો હતો તયારે રમતા રમતા રેલીંગ પર ચડતાં ત્યાંથી બેલેન્સ ગુમાવતાં નીચે પટકાતાં ગંભીર ઈજા થઈ હતી બાળકને તુરંત સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. મૃતક બાદલ ભાઈ બહેનમાં નાનો હતો. જ્યારે બીજા બનાવમાં આજીડેમ ચોકડી નજીક સહજાનંદ સોસાયટીમાં રહેતાં મજુરઅલી અંસારીનો બે વર્ષીય પુત્ર અસ્ફાક બે દિવસ પહેલા ઘરની અગાસીએથી રમતા રમતા પડી જતાં ગંભીર ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેનું સારવાર દરમિયાન મોત થતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો બનાવ અંગે આજી ડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# મોરારી નગરમાં રીક્ષા ચાલકના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી રૂા. ૪,૧૮,000 ના દાગીના ઉઠાવી ગયા

## ભાવનગર રોડ પર માંડા ડુંગર પાછળ રઘુનંદન સોસાયટીમાં તસ્કરોનો હાથ ફેરો: ૪૭,૯૦૦ ની મત્તા ચોરી ગયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં ઠંડીનો ચમકારો હોવાથી લોકો રાત્રિના સમયે વહેલા ઉઠી જતા હોવાને કારણે તસ્કરોએ તરખાટ મચાવ્યો છે શહેરના મોરારી નગર અને રઘુનંદન સોસાયટી માં બે મકાનને તસ્કરોએ નિશાન બનાવી લાખોની મતતા ઉઠાવી જતા અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાય છે.

પ્રથમ બનાવમાં બાબરીયા કોલોની મેઇન રોડ પર આવેલ મોરારી નગર શેરી નંબર ત્રણ માં



રહેતા અને રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા મહેશભાઈ મનજીભાઈ વાળા નમના યુવાને ભકિતનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે કોઈ અજાણ્યા શખ્સોએ તેના બંધ મકાનને નિશાન બનાવી રૂમના તાળા તોડી કબાટમાં રાખેલા સોના ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂપિયા ૪ લાખ ૧૮ હજારની મતદાનની ચોરી કરી જતા ફરિયાદ નોંધાય છે બનાવના પગલે ભકિતનગર પોલીસના હેડ કોન્સ્ટેબલ પ્રતાપભાઈએ પ્રાથમિક તપાસ કરી છે જ્યારે બીજા બનાવમાં ભાવનગર રોડ પર લકી રાજ ફાર્મ પાછળ માદા ડુંગર વિસ્તારમાં આવેલ રઘુનંદન સોસાયટીમાં સવિતાબેન સોનગઢ મકાનમાં ભાડે રહેતા અજયભાઈ બાબુભાઈ વડેખાણીયા નામના યુવાને આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે કોઈ અજાણ્યા તેના બંધ મકાનને નિશાન બનાવી સોના ચાંદીના દાગીના ટીવી સહિત ₹૪૭,૯૦૦ નો મુદ્દામાલ ચોરી કરી જતા ફરિયાદ નોંધાય છે બનાવના પગલે પી.એસ.આઇ એચ જે સોલંકી એ પ્રાથમિક તપાસ શરૂ કરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT